સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા.૯–૯–૨૦૦૮ ના રોજ મળીને મુલતવી રહેલી અને તા.૧૨–૯–૦૮ના રોજ ફરી મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–

::::::::::

મ્યુ.કમિશ્નરશ્રીના તા.૩૦–૮–૦૮ ના પત્ર નં.સીમીસ/૮/૧૬ થી વિદિત થઈ તેમજ સમિતિની સભામાં હાજર રહેલા ડાયરેકટર ઓફ પ્લાનીંગશ્રી સાથે ચર્ચા વિચારણા કર્યા બાદ, મુસદ્દારૂપ નગર રચના યોજના **નં.૬૬(કોસાડ–વરીયાવ)માં** નીચે જણાવ્યા મુજબ સુધારા કરવા અને તેને આનુંસાંગિક ફેરફાર કરી મુસદ્દારૂપ નગર રચના યોજના **નં.૬૬(કોસાડ–વરીયાવ)**ના મુસદ્દાને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમની કૈલમ–૪૮(૧) હેઠળ નામદાર સરકારશ્રીની મંજુરી મેળવવા અર્થે નામદાર સરકારશ્રીમાં સાદર કરવા જરૂરી કાર્યવાહી કરવા મ્યુ કમિશ્નરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

<u>::: સુ ધા રો :::</u>

(૧) ફેબ્રુઆરી–૨૦૦૬ અને જુલાઈ–૨૦૦૬ માં સુરતના થયેલા હદ વિસ્તરણ પહેલાના 'સુડા' ના સમયમાં થયેલ બાંધકામો કે જેમાં જે તે હેતુ માટે હિતસંબંધ ધરાવનાર ધ્વારા વપરાશ/ઉપયોગ ચાલુ હોઈ હયાત પરિસ્થિતિ અને માનવતાને ધ્યાને લઈ વપરાશ હેઠળના નીચે પત્રકમાં જણાવ્યા મુજબના બાંધકામો ઉપર મુકવામાં આવેલ રીઝર્વેશન/રસ્તા (સુડાના મંજુર રીવાઈઝડ ડેવલપમેન્ટ પ્લાન તા.૨–૯–૨૦૦૪ ના ડી.પી.ના રીઝર્વેશન પ્લોટ અને ડી.પી. ના રોડ પરના બાંધકામો સિવાય) દુર કરવા જરૂરી સુધારા કરવા અને તેને આનુસાંગિક ફેરફારો કરવાનું ઠરાવવામાં આવે છે.

(૪) મોજે કોસાડ બ્લોક નં.૭૯૦, ૭૯૨ ને ફાળવેલ ફાઈનલ પ્લોટ નં.૨૪૯ તથા ૨૫૧ ને રીઝર્વેશન નંબર આર–૧૮ વાળી જગ્યામાં ફાઈનલ પ્લોટ નં.૨૦૯/અ ને ૨૪.૦ મીટરના રોડ પરથી એન્ટ્રી મળે તે મુજબ ફાળવવો તથા રીઝર્વેશન આર–૧૮ ને મૂળખંડ નં.૭૯૦, ૭૯૨ વાળી જગ્યાને ફાળવેલ ફાઈનલ પ્લોટ નં.૨૪૯ તથા ૨૫૧ માં સ્થિત કરવો તથા તેને આનુસાંગિક ફેરફાર કરવો.

(૫) આર–૧૭ (એસ.ઈ.ડબ્લ્યુ.એસ.)નું રીઝર્વેશન દુર કરી ટી.પી.સ્કીમ પ્રસિધ્ધ કર્યા મુજબ પ્લેગ્રાઉન્ડ એન્ડ સ્પોર્ટસ કોમ્પ્લેક્ષનો હેતુ ચાલુ રાખવો અને તેને આનુસાંગિક ફેરફાર કરવો.

(૬) બ્લોક નં.૭૫૬ મૂળખંડ નં.૨૧૫ કે જેમાં પ્લાન મંજુર થયેલ છે. સી.ઓ.પી. ખુલ્લો છે તેના પર સ્થિત થયેલ આર–૫૧ દુર કરવું અને તેને આનુસાંગિક ફેરફાર કરવો.

<u>ઠરાવ નં.૩૯/૨૦૦૮ સર્વાનુમતે મંજુર</u>

સ.ર.મ્યુ.કમિશ્નરશ્રી પ્રતિ,

સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા,
તા.૧૫–૯–૦૮.

//ખરચા//

નં. સીમીસ/ ૯/૬ |૧૬
તા. ૧૫/૯/૨૦૦૮

ટી.પી.ડી.

—: પત્રક :—

| અ.નં. | દરખાસ્તમાં રજુ કરેલ રીઝર્વેશન નંબર | ગામ | બ્લોક નંબર |
|---|---|---|---|
| ૧ | આર–૨ પૈકી (એસ.ઈ.ડબલ્યુ.એસ) | મોજે કોસાડ | ૪૯૦ |
| ૨ | આર–૨૮ (પબ્લીક યુટીલીટી સેન્ટર) | મોજે કોસાડ | ૪૪૮ |
| ૩ | આર–૨૯ પૈકી (એસ.ઈ.ડબલ્યુ.એસ) | મોજે કોસાડ | ૪૫૬ |
| ૪ | આર–૩૨ (ગાર્ડન–શાંતિકુંજ) | મોજે કોસાડ | ૪૫૮, ૭૩૦ |
| ૫ | આર–૩૫ (પબ્લીક યુટીલીટી સેન્ટર ) | મોજે કોસાડ | ૪૭૫ |
| ૬ | આર–૩૭ ( એસ.ઈ.ડબલ્યુ.એસ) | મોજે કોસાડ | બીન નંબરી ઓ.પી.૪૦૧ |
| ૭ | આર–૩૯ (પબ્લીક યુટીલીટી સેન્ટર ) | મોજે કોસાડ | ૪૬૯ |
| ૮ | આર–૪૦ (પબ્લીક યુટીલીટી સેન્ટર) | મોજે કોસાડ | ૪૭૮ |
| ૯ | આર–૫૬ (પબ્લીક યુટીલીટી સેન્ટર ) | મોજે કોસાડ | ૧૧૧૦ |
| ૧૦ | આર–૫૭ (પબ્લીક યુટીલીટી સેન્ટર) | મોજે કોસાડ | ૧૧૧૯ |
| ૧૧ | આર–૫૯ (સબ સેન્ટર) | મોજે કોસાડ | ૬ |
| ૧૨ | આર–૬૦ ( સબ સેન્ટર) | મોજે કોસાડ | ૬ અને ૭ |
| ૧૩ | આર–૬૨ (પબ્લીક યુટીલીટી સેન્ટર) | મોજે કોસાડ | બીન નંબરી ઓ. પી. ૪૦૨ ફા.પ્લોટ નં.૩૯૭/એ |
| ૧૪ | આર–૬૪ પૈકી (વેજીટેબલ માર્કેટ) | મોજે કોસાડ | ૧૩ અને ૧૪ |
| ૧૫ | આર–૬૫ (પબ્લીક યુટીલીટી સેન્ટર) | મોજે કોસાડ | બીન નંબરી ઓ. પી. ૪૦૨ ફા.પ્લોટ નં.૩૯૭/બી |

(૨) મોજે કોસાડ બ્લોક નંબર ૬૮૨, બ્લોક નં.૭૪૫–અ, ૬૮૧/૧ તથા બ્લોક નં.૭૪૪ માં સુરત મહાનગરપાલિકા તરફથી વિકાસ પરવાનગી અપાયેલી હોય સદરહુ બ્લોક નંબરના સી.ઓ.પી. માં દર્શાવેલ આર–૧૨ પૈકી (વેજીટેબલ માર્કેટ) તથા આર–૧૧ પૈકી (પબ્લીક યુટીલીટી સેન્ટર)નું રીઝર્વેશન રદ કરવું અને તેને આનુસાંગિક ફેરફાર કરવા.

(૩) મોજે કોસાડ બ્લોક નંબર ૪૮૭ ને ફાળવેલ ફાઈનલ પ્લોટ નં.૧૦૫/અ, ૧૦૫/બ ના બદલે ફકત એક જ ફાઈનલ પ્લોટ ૨૪.૦ મીટર રસ્તાની દક્ષિણે તેના મૂળ પ્લોટમાં ફાળવવો તથા તેને આનુસાંગિક ફેરફાર કરવો.